ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૪ ડીગ્રી
લઘુતમ : ૧૨.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૯ ટકા



હોળીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે શહેરના માર્કેટમાં વિવિધ પ્રકારની પિચકારી અને રંગબેરંગી ગુલાલ જોવા મળી રહ્યા છે.

# સે-૨૮ ગાર્ડન સામેના લારી ગલ્લાના વેપારીઓની માઈક્રોશોપીંગમાં સમાવેશ કરવા રજુઆત

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના પ્રખ્યાત સે-૨૮ ગાર્ડન પાસે છેલ્લા સાડા ત્રણ દાયકાથી લારી ગલ્લા ધારકો ઉભા રહીને રોજી રોટી કમાઈ પરિવારનું ભરણ પોષણ કરી રહ્યા છે પરંતુ તાજેતરમાં આ જગ્યા દબાણમાં આવતી હોવાનું



જણાવી તંત્રના અધિકારીઓએ વેપારીઓને અહીં ઉભા રહેવા માટે સ્પષ્ટ ના પાડી દીધી છે. ત્યારે આ વેપારીઓએ પોતાની રોજી રોટી યથાવત રહે તે માટે માઈક્રોશોપીંગમાં સમાવેશ કરવા મુખ્યમંત્રી અને શહેરના ધારાસભ્યને રજુઆત કરી છે.

સે-૨૮ ગાર્ડન પાસે ૧૨ લારી ગલ્લા ધારકો છેલ્લા સાડા ત્રણ દાયકાથી વધુ સમયથી તથા ઉભા રહીને પોતાનો વેપાર ધંધો કરી રહ્યા છે. વારંવાર દબાણને પગલે કંટાળી ગયેલા વેપારીઓ કોર્ટમાં ગયા હતા ત્યારે નામદાર કોર્ટે આ જગ્યા પર દબાણ ઉભું કરવું નહીં કાયમી ધોરણે રાખવી તેવો હુકમ કર્યો હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. પરંતુ તાજેતરમાં દબાણ ઝુંબેશ અંતર્ગત આ વેપારીઓને કનડગત ઉભી થવા પામી છે ત્યારે સાડા ત્રણ દાયકાથી વેપાર કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા વેપારીઓની હાલત દયનીય બની જવા પામી છે. વેપારીઓએ માનનીય મુખ્યમંત્રી અને શહેરના ધારાસભ્યને લેખીત અરજી કરી માઈક્રો શોપીંગમા જગ્યા ફાળવી સમાવેશ કરવા રજુઆત કરી છે અત્યારે હાલ બગીચા સામે વેપાર ધંધો કરતા વેપારીઓ પોતાને તંત્ર દ્વારા માઈક્રોશોપીંગમાં સ્થાન મળે તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

# સેકટર-૨૫ ખાતે સીનીયર સિટિઝન હેલ્થ અને મહિલા અધિકારો અંગે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

વિશ્વ મહિલા દિન સપ્તાહની ઉજવણી અંતર્ગત



જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર તથા સે-૨૫ સહકાર કોલોની વસાહત મંડળના સંયુકત ઉપક્રમે પેરાલીગલ એડવાઈઝર કમિટીના સભ્ય વિમળાબેન અયાચી દ્વારા કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પૂર્વ કોર્પોરેટર સુરેશ મહેતા, વી.કેર ફાઉન્ડેશનના પ્રમુખ જે.સી. પટેલ, સેકટરના સભ્ય પ્રકાશભાઈ અયાચી, ભીખાભાઈ ચૌધરી અને પાટીદાર સમાજના મહિલા અગ્રણી સુધાબેન પટેલ, પીએલવી સુધીરભાઈ દેસાઈ વગેરે હાજર રહ્યા હતા.

પેરા લીગલ વોલન્ટીયર વિમળાબેન અયાચી તથા સુધીરભાઈ દેસાઈએ પોતાના વકતવ્યમાં મહિલા દિનની ઉજવણીનું મહત્વ, ઘરેલું હિંસા, મહિલાઓના અધિકારો, મીડીએશન અવેરનેશ અંગે વિશેષ માર્ગદર્શન પુરું પાડયું હતું.

આ કાર્યક્રમમાં મુખ્યત્વે વી.કેર ફાઉન્ડેશનના પ્રમુખ જે.સી. પટેલે મહિલાઓને સિનિયર સીટીઝનના હેલ્થ માટે લાફિંગ યોગા વિશે પ્રત્યક્ષ માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ખાસ સે-૨૫ની વસાહત બહેનો ઉપસ્થિત રહી હતી. અંતમાં પૂર્વ કોર્પોરેટર સુરેશ મહેતાએ કાર્યક્રમની આભારવિધિ કરી હતી.



'પ, પાણીનો પ...' પાણી એ સૌની પાયાની જરૂરિયાત છે, પહેલાં ધોરણમાં ભણવા જતાં પહેલાં આ ઢબુડી સવારે ઘરનું માટલું ભરવા માને મદદ કરે છે. રસ્તે જતાં એ મોટી કાર સામે જોઈ એટલાં માટે અચરજ પામે છે કે અહીં એક માટલું ભરવા ચાર ફેરા કરવા પડે છે અને આ સાહેબ ચાર પૈડાની કારને પાણીની નળીથી નવડાવે છે..!

# પ્રાંતિયા ગામે તબેલા પર કામ કરતા મજુરની હત્યા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામે તબેલા પર કામ કરતા મજુરની હત્યાની ઘટના પ્રકાશમાં આવી છે. મૃતક યુવક બુધવારે સવારે જ તબેલામાં નોકરી પર લાગ્યો હતો. સવારે નોકરી લાગેલા યુવકની રાત્રે હત્યા થતા સમગ્ર ગામમાં હાહાકાર મચી જવા પામી છે. ત્યારે પોલીસની પ્રાથમિક તપાસમાં તબેલામાંથી કાઢી મુકવામાં આવેલા યુવકે જ મજુરની હત્યા કરી હોવાનું લાગી રહ્યું છે. ત્યારે બનાવ અંગે ડભોડા પોલીસ ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૩ ખાતે રહેતા નજીર હુસેન બાનવાનો પ્રાંતિયા ગામે ખેતરમાં તબેલો આવેલો છે. તબેલા પર ગાય-ભેંસોની સારસંભાળ માટે બુધવારના રોજ ખેડા જિલ્લાના નરસંડા ગામના હર્ષદભાઈ રાયસંગબાઈ પરમારને નોકરીએ રાખ્યો હતો. બુધવારે સાંજના પાંચ વાગ્યે તે તબેલા પર આવ્યો હતો અને છેલ્લે ૧૦ વાગ્યાના સુમારે તબેલાના માલિક સાથે ફોન પર વાત કરી હતી. જો કે સવારના ૪ વાગ્યાના અરસામાં મજુરનો ફોન કવરેજ વિસ્તારની બહાર આવતો હતો જેથી તપાસ કરાવતા ઓરડીમાં મજુરનો મૃતદેહ પડ્યો હતો. મૃતકના માથાના ભાગે ઈજાના નિશાન મળી આવ્યા હતા. બનાવની જાણ થતા ડીવાયએસપી અને ડભોડા પીએસઆઈ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મેરાજ નજીર હુસેન બાનવાની ફરીયાદને આધારે હત્યાનો ગુનોં નોંધીને મૃતદેહને પીએમ અર્થે મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

# જીટીયુના સેન્ટ્રલ ટેકફેસ્ટ-૨૦૧૯નો લોગો તથા વેબએપ લોન્ચ કરાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર ખાતેની ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૯ માટેના "સેન્ટ્રલ ટેકફેસ્ટ"નું આયોજન આગામી તા. ૮ અને ૯ એપ્રિલ દરમ્યાન કરવામાં આવ્યું છે. આજે ચાંદખેડાની વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે સેન્ટ્રલ ટેક ફેસ્ટના લોગો તથા વેબએપનો લોન્ચીંગ કાર્યક્રમ યોજાયો હતો. જે પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નવીન શેઠ, રજીસ્ટ્રાર ડૉ. જે.સી. લીલાણી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

"ગ્રીન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ" થીમ આધારિત યોજાનાર "સેન્ટ્રલ ટેક ફેસ્ટ-૨૦૧૯"ના લોગો અને વેબએપ લોન્ચ કરતાં કુલપતિએ જણાવ્યું હતું કે "આજની તમામ સામાજિક સમસ્યાઓનો જવાબ યુવાધન પાસે છે." આ પ્રસંગે વીજીઈસીના આચાર્ય ડૉ. રાજુલ ગજ્જરે સેન્ટ્રલ ટેક ફેસ્ટમાં વિદ્યાર્થીઓની સક્રીયતાની પ્રસંશા કરવા સાથે વિદ્યાર્થીઓએ કરેલા આયોજનની રૂપરેખા આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે 'સેન્ટ્રલ ટેકફેસ-૨૦૧૯'માં ટેકનિકલ ઈવેન્ટ્સ અને નોન ટેકનિકલ ઈવેન્ટ્સ ઉપરાંત તજજ્ઞોના વર્કશોપ્સ, સ્ટાર્ટઅપ સ્ટ્રીટ, વિશ્વયંત્ર ૨.૦, એટીવી ચેમ્પિયનશીપ ૬.૦, એન્ટ્રીઝમ, એસ.ડિ.એકયર્ટ, કોન્કલેવ ત્રિશુલ વગેરેની સાથે સામાજિક પ્રવૃત્તિઓ જેવી કે રકતદાન સિબિર તથા આઈ ચેકઅપ કેમ્પ વગેરે પણ યોજાશે.




અડાલજ સ્થિત સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા 'ઉદ્યોગ સમીક્ષા' વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦થી વધુ બીએસસી શાખાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોર્પોરેટ ટ્રેનર નેન્સી શાહ એ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું. સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. હેમંત ચૌબેએ પણ તજજ્ઞો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

# રામનવમી નિમિત્તે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ભગવાન રામની જન્મજયંતિ નિમિત્તે ૧૪મી એપ્રિલના રોજ સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, એમસીસીએસ અમદાવાદ અને યુવક મંડળ મહિલા મંડળ દ્વારા ડબ્બા ઉજવણી અને આધ્યાત્મિક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.


રામનવમી નિમિત્તે યોજાનાર કાર્યક્રમમાં સે-૧૬ સ્થિત ગાર્ડન ખાતે બપોરે ૧૨ થી ૨ કલાક દરમિયાન સુધી ડબ્બા ઉજવણી અને ૨.૩૦ કલાકથી સે-૧૬ સ્થિત સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન ખાતે બ્રહ્મસમાજ દ્વારા નિષ્ણાતો દ્વારા નિઃશુલ્ક જયોતિષ, વાસ્તુ ટેરોટ, સુજોક, હીલીંગક્રિસ્ટલ ન્યુમ્રોલોજી, પેન્ડુલમલ જીમોલોજી, રેકી મેડીટેશન ધ્યાન રોગના આધ્યાત્મિક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્મસમાજના લાભાર્થે આ વર્કશોપમાં નિષ્ણાંતો ફ્રીમાં સેવા આપશે તો સમાજના પ્રમુખ પીનાકીનભાઈ રાવલ અને મંત્રી નરેશ દવે દ્વારા સમાજના દરેક સભ્યોને પરિવાર સાથે હાજરી આપવા જણાવાયું છે.



શારદા સ્કૂલ ઓફ ફાર્મસીમાં ૧૧ માર્ચ ૨૦૧૯ના રોજ ઈન્ડો મલેશિયન કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસના ફેકલ્ટી સોહનસિંહ વાઘેલા એ પોસ્ટર કોમ્પીટીશન માં દ્વીતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ જ ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓ પુજાકુમારી તથા દેસાઈ ઉમંગ પણ પોસ્ટર કોમ્પીટીશનમાં ફાર્મકોલોજી ડિવિઝનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.



તાલુકા પંચાયત આઈસીડીએસ શાખા દ્વારા પોષણ પખવાડિયા અંતર્ગત પોષણ અંગે જાગૃતિ લાવવા સે-૧૬ આંગણવાડીથી શોપિંગ સેન્ટર સુધી પોષણ પદયાત્રા યોજવામાં આવી હતી. જેમાં સંસ્થાના કાર્યકરો, સ્ટાફ તેમજ અધિકારીઓ પણ જોડાયા હતા.



ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બીબીએ કોલેજના વિદ્યાર્થીઓને તેમની ફાઈનલ ઈન્ટર્નશીપના પ્રમાણપત્રો તેમજ ગુણપત્રક વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિએ વિદ્યાર્થીઓને શીખ આપી હતી કે 'ઈન્ટર્નશીપને બોજ સમજવાને બદલે પ્રેકટીકલ જ્ઞાન પ્રાપ્ત કરવાની અમૂલ્ય તક સમજી તે સાથે સંકળાયેલી ઔદ્યોગિક મુલાકાતો અને તેના રિપોર્ટસ સહિતની પ્રોસેસ સમજવા રસપૂર્વક પ્રયાસ કરશો તો તેમાંથી ઘણું બધું કારકિર્દી લક્ષી જ્ઞાન અને તકો મેળવી શકશો.'

# પાલજ ખાતે હોળી પર્વ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૪

તહેવારો આવે અને ખુશીઓ લાવે. હોળીનો તહેવાર નજીકમાં છે. ગાંધીનગરના દરેક સેકટર તથા ગામમાં હોળી પર્વની ઉજવણી કરવામાં આવશે. ગાંધીનગરના પાલજ ગામમાં પણ ઘણા વર્ષોથી હોળીનો તહેવાર પરંપરાગત રીતે ઉજવાય છે. તા. ૨૦ માર્ચના રોજ હોળીના દિવસે સાંજે ૬ કલાકે પાલજ મહાકાળી મંદિરના આંગણે હોળી પ્રગટાવવામાં આવશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ હોળીનો મોટો મેળો ભરાશે અને હોળીના અંગારા પર ખુલ્લા પગે ચાલી ભકતો તેમની મનોકામના પૂર્ણ કરશે.

# આત્મન ફાઉન્ડેશને સરકારી પ્રાથમિક શાળાના બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ યોજી







ગાંધીનગર, તા.૧૪

સરકારી પ્રાથમિક શાળાના બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓ ખીલે તે હેતુથી શહેરની સ્વૈચ્છિક સંસ્થા 'આત્મન્ ફાઉન્ડેશન' દ્વારા અવારનવાર વિવિધ પ્રવૃત્તિઓ તથા સ્પર્ધાઓના આયોજન કરવામાં આવે છે. આજે શહેરના સેકટર-૧૬ અને સેકટર-૮ની સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટે ચિત્ર સ્પર્ધા, સુલેખન સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં કુલ મળીને એકસોથી વધુ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આજે સેકટર-૧૬માં સરકારી પ્રાથમિક શાળાના ધોરણ-૩ થી ૫માં ભણતા બાળકો માટે જે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી તેમાં બાળકોએ કુદરતી દૃશ્ય, મનગમતું પક્ષી તથા પર્યાવરણ જેવા વિષયે સુંદર ચિત્રો દોર્યા હતા. આ સ્પર્ધામાં ૩૫ બાળકોએ ભાગ લીધો હતો. આ શાળામાં ભણતા ધોરણ ૬ થી ૮ના બાળકો માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૩૫થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. બપોરે સંસ્થા દ્વારા સેકટર-૮માં સરકારી પ્રાથમિક શાળાના ધો- ૬ થી ૮ના બાળકો માટે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બાળકોએ મારી મા, મનગમતો તહેવાર હોળી અને સ્વચ્છતા જેવા વિષયો પર નિબંધ લખ્યા હતા. બંને શાળામાં સ્પર્ધામાં વિજેતા તથા ભાગ લેનારા તમામ બાળકોને અનુક્રમે ઈનામો તથા પ્રોત્સાહન ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના સંચાલિકા પ્રજ્ઞાબેન પટેલ તથા શહેરના સાહિત્યિક અગ્રણીઓ સંજય થોરાત, ભરત કવિ, રમણભાઈ વાઘેલા, રાજેન્દ્રભાઈ સુથાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને બાળકો સાથે સંવાદ સાધ્યો હતો. આ ઉપરાંત સે-૧૬ની શાળાના મુખ્ય શિક્ષક અરૂણભાઈ પટેલ તથા સ્મિતાબેન પ્રજાપતિ, ફાલ્ગુનીબેન, મંજુલાબેન આસોડિયા સહિત શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

# સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજની સામાન્ય સભા તા. ૧૫ માર્ચના રોજ સે-૩ સ્થિત રામમંદિર ખાતે સાંજે ૬ કલાકે યોજાશે તેમ સંસ્થાના મહામંત્રી નિમેષભાઈ વાઘેલાએ જણાવ્યું છે અને તમામ નોંધાયેલા સભ્યોને હાજર રહેવા પણ વિનંતી કરી છે.

## ચિરવિદાય

- સ્વ. લખવીન્દરસિંઘ નિન્હાસ, ઉ.વ. ૭૧
- સ્વ. હિરાબેન રામજીભાઈ પરમાર, ઉ.વ. ૬૮
- સ્વ. સતીષભાઈ રામશંકર જોષી, ઉ.વ. ૫૪
- સ્વ. ચંદુજી તખુજી બિહોલા, ઉ.વ. ૫૦